# જાહેરાત

કોન્ટ્રાકટ મંજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ-૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબૂદી) (ગુજરાત) નિયમો ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવેલ લાયસન્સ અને તેની શરત નં: ૬માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ જે વ્યવસાયમાં કોન્ટ્રાકટ શ્રમયોગીઓ કામે રોકવામાં આવેલ છે. તે વ્યવસાયના કોન્ટ્રાકટ શ્રમયોગીઓ માટે નીચે મુજબ ઓછામાં ઓછા વેતનના દરો નકકી કરવાનો ઇરાદો જાહેર કરવામાં આવે છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર (રૂ./-) | |
|---|---|---|---|
| | | ઝોન-૧(*) | ઝોન-૨ (*.) |
| ૧ | કુશળ | ૪૭૪.૦૦ | ૪૬૨.૦૦ |
| ૨ | અર્ધ કુશળ | ૪૬૨.૦૦ | ૪૫૨.૦૦ |
| ૩ | બિન કુશળ | ૪૫૨.૦૦ | ૪૪૧.૦૦ |

નોંધઃ ઝોનની વ્યાખ્યા નીચે મુજબ છે.

ઝોન-૧ : ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદરના વિસ્તારો અને ગુજરાત મ્યુનિસિપાલીટીઝ અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલ મ્યુનિસિપાલીટી હેઠળના વિસ્તારો અને સંલગ્ન અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી હેઠળના ગુજરાત રાજયમાંના વિસ્તારનો સમાવેશ થશે.

ઝોન-૨ ઝોન-૧ માં સમાવેશ કર્યો ન હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

ઉપર મુજબ નકકી કરવામાં આવેલ વેતન દરો ઉપરાંત ખાસ ભથ્થું પણ આપવાનું રહેશે. આ ખાસ ભથ્થું નિર્વાહ ખર્ચ આંક ૭૨૭૦ ઉપર દર પાંચ પોઇન્ટના વધારા માટે દિવસ દીઠ રૂ. ૦૦.૨૦ પૈસા મુજબ ચૂકવવાનું રહેશે અને તા. ૦૧/૧૦/૨૦૨૩ થી શરુ થતા છ માસની મુદતના ગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ નકકી કરવાનો રહેશે.

આ બાબતે જો કોઇ વાંધા-સૂચનો કોઇને કરવા હોય તો દિન-૧૫માં શ્રમ આયુકતશ્રી, શ્રમ આયુકતની કચેરી, ઉદ્યોગ ભવન, બ્લોક નં ૧૪, બીજો માળ, સેકટર-૧૧, ગાંધીનગરના સરનામે લેખિતમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં મળેલ વાંધા-સૂચનો અંગે વિચારણા કરી કોન્ટ્રાકટ મંજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ-૧૯૭૦ અને કોન્ટ્રાકટ મંજુર (નિયમન અને નાબુદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવેલ લાયસન્સ અને તેની શરત નં. ૬ ધ્વારા શ્રમ આયુકતશ્રીને આપવમાં આવેલ સત્તા અન્વયે લાયસન્સની શરત નં. ૬માં જણાવેલ પ્રકારના કોન્ટ્રાકટ શ્રમયોગીઓ માટે ચૂકવવાના ઓછામાં ઓછા વેતનના દરો નકકી કરવામાં આવશે.

ઉકત રીતે નકકી કરવામાં આવેલ વેતન દરો ઉપરાંત દર છ માસે એટલે કે પહેલી એપ્રિલ થી અને પહેલી ઓકટોબરથી શરૂ થતાં પ્રત્યેક છ માસના ગાળાએ શ્રમ આયુકત નકકી કરે તે મુજબ ખાસ ભથ્થુ આપવાનું રહેશે. આ ખાસ ભથ્થુ નિર્વાહ ખર્ચ આંક ૭૨૭૦ ઉપર દર પાંચ પોઇન્ટના વધારા માટે દિવસ દીઠ રૂ. ૦૦.૨૦ પૈસા મુજબ ચૂકવવાનું રહેશે. સૌ પ્રથમ તા. ૦૧/૧૦/૨૦૨૩ થી શરૂ થતાં છ માસની મુદતના ગાળા માટે ખાસ ભથ્થાની ચૂકવણી કરવાની રહેશે.

ઉપરોકત રીતે નકકી થનાર વેતન દરો અને ખાસ ભથ્થું લાયસન્સની શરત નં. ૪ અને ૫માં જણાવેલ પ્રકારના કિસ્સાઓ સિવાયના કિસ્સામાં દરેક કોન્ટ્રાકટરે પોતાના શ્રમયોગીઓને તા.૦૧/૦૬/૨૦૨૩થી ચૂકવવાના થશે.

શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર